EDI

**Sandesh**

**November 15, 2010**
**Page No. 8**

# ‘માનવશક્તિ’ના પ્રેરક ગાંધીજી મેનેજમેન્ટના પણ માસ્ટર હતા

## ■ ૩૫ દેશોના મેનેજમેન્ટ પ્રતિનિધિઓ ગાંધી આશ્રમની મુલાકાતે



અમદાવાદ, તા. ૧૪

ભારતને આઝાદી અપાવનારા મહાત્મા ગાંધી મેનેજમેન્ટના માસ્ટર હતા. તેઓ માનવશક્તિને યોગ્ય દિશામાં વિકાસશીલ કાર્યો કરવા માટે રસ્તો બતાવી શક્યા હતા એમ દક્ષિણ આફ્રિકામાં આવેલા સબ સહારન દેશ બોટ્સવાનાના બિઝનેસમેન ક્વેનેગી સેલાઈએ જણાવ્યું હતું. આજે એન્ટ્રપ્રિનિયોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયામાં ટ્રેઈનિંગ માટે આવેલા ૭૫ જેટલા પ્રતિનિધિઓએ ગાંધી આશ્રમની મુલાકાત લીધી હતી અને ગાંધીજીના વિચારો અને કાર્યો વિશે જાણવાનો પ્રયત્ન કર્યો હતો.

આજે ગાંધી આશ્રમની મુલાકાત બાદ ગાંધીજીના જીવન અને કાર્યોથી પ્રભાવિત થઈને તેણે જણાવ્યું હતું કે ‘ગાંધીજીએ દેશને આઝાદ કરવા માટે સૌને એક કરી એકતામાં કેટલી શક્તિ છે તેનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ તેમના મેનેજમેન્ટને કારણે શક્ય બન્યું હતું. હું મારા દેશમાં નાના વ્યક્તિગત ઉદ્યોગોને એક કરી તેમને સરકાર તરફથી મહત્તમ લાભ મળે તે દિશામાં કામ કરવા ઈચ્છું છું.’ આ મુલાકાત અંગે ઈડીઆઈના એન્થ્રેપ્રેન્યોરશિપ મેનેજમેન્ટ ટ્રેઈનિંગ પ્રોગ્રામ(આઈએમટી)ના મેનેજર મનીષ વ્યાસે જણાવ્યું કે ‘ઈડીઆઈમાં ૩૫ જેટલા વિકાસશીલ દેશોના ૭૫ જેટલા પ્રતિનિધિઓ આઈએમટી પ્રોગ્રામ હેઠળ આવ્યા છે. ૬ સપ્તાહની ટ્રેઈનિંગ ૮ નવેમ્બરથી ૧૮ ડિસેમ્બર સુધી ચાલવાની છે. ટ્રેઈનિંગ દરમિયાન વીક એન્ડમાં તેમને અમદાવાદ-ગાંધીનગરના જોવાલાયક સ્થળોની મુલાકાતે લઈ જવાય છે.’

**Gujarat Samachar**

**November 15, 2010**
**Page No.2**



બાળદિનના અવસરે વિશ્વના વિવિધ દેશોના પ્રતિનિધિઓ રવિવારે ગાંધી આશ્રમની મુલાકાતે આવ્યા હતા. આ વિદેશીઓએ કહ્યું કે અમે ગાંધીજીનું જીવન અને તેમના બાળકો સાથેના સંબંધોનો પણ અભ્યાસ કરીશું. આ તમામ વિદેશીઓએ ગાંધી આશ્રમમાં ગાંધીની પ્રતિમા પાસે પોઝ આપ્યો હતો. (તસવીર : ગૌતમ મહે